
એપ્રિલ ફૂલ દિવસ



એમિલી કેલી


ચિત્ર: સી. એ. નોબેન્સ



એપ્રિલ ફૂલ દિવસ

એમિલી કેલી
ચિત્ર: સી. એ. નોબેન્સ


MARCH
8






આ કદાચ તમે અત્યાર સુધી વાંચેલી સૌથી ખરાબ ચોપડી હશે! આ ચોપડી કંટાળાજનક છે, અને એના ચિત્રો પણ બદસૂરત છે. તમે ઈચ્છો તો આ ચોપડી હમણાંજ નીચે મૂકી શકો છો.

પણ જરા એક મિનિટ થોભો!

એપ્રિલ ફૂલ!



શું તમને ક્યારેય એપ્રિલ ના પહેલા દિવસે કોઈએ મૂર્ખ બનાવ્યા છે?

તો તમે એકલા નથી. પહેલી એપ્રિલ, સેંકડો વર્ષો થી મૂર્ખ બનાવવાનો દિવસ રહ્યો છે. એ દિવસે થેંન્ક્સગિવિંગની જેમ સરકારી રજા નથી હોતી, પણ એપ્રિલ ફૂલ દિવસ દર વર્ષે અમેરિકા, ગ્રેટ બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ફ્રાન્સમાં મનાવવામાં આવે છે. કોઈ પણ નિશ્ચિત રૂપ થી જાણતા નથી કે એપ્રિલ ફૂલ બનાવવાનું ક્યારથી ચાલુ થયું. થોડા લોકો નું માનવું છે કે આ રોમન કાળ થી શરુ થયું હતું આજ થી 2000 વર્ષ થી પણ પહેલા. એમનું માનવું છે કે એની શરૂઆત પ્રોસેરપીના ની રોમન વાર્તા થી થઈ હતી.



પ્લુટોએ પ્રોસેરપીનાને
ચોરવાનો નિર્ણય કર્યો.
પ્લુટો એને મૃતકોની ભૂમિ
માં લઈ ગયો. પ્રોસેરપીના
એની સાથે જવા ચાહતી
ન હતી. એ મૃતકોની ભૂમિ
માં રહેવા નહોતી ચાહતી.




પ્રોસેરપીનાની માઁ નું નામ સેરેસ
હતું. સેરેસ એક દેવી હતી. એ
અનાજ અને ઉપજ ની દેવી હતી.
એક દિવસ પ્રોસેરપીના ફૂલ વીણી
રહી હતી. મૃતકો ના દેવતા
પ્લુટોએ એને જોઈ. પ્લુટોને એ બહુ
સુંદર લાગી. પ્લુટો એને એની
રાણી બનાવવા ચાહતો હતો.



સેરેસે પ્રોસેરપીનાની મદદ માટે ચીસો સાંભળી. એ એની દીકરીને શોધવા લાગી, પણ એની તપાસ ફક્ત એક નિરર્થક પ્રયાસ હતો. સેરેસ ફક્ત પ્રોસેરપીના ના અવાજ ના પડઘાનો પીછો કરી શકતી હતી. એ મૃતકો ની ભૂમિ પર જઈ શકતી ન હતી. પ્લુટો સિવાય કોઈ પણ જીવિત લોકોની ભૂમિ અને મૃતકોની ભૂમિ વચ્ચે આવ-જા કરી શકતા ન હતા. આજે થોડા લોકો કહે છે કે એપ્રિલ ફૂલ બનાવવાની પરંપરા એ વાર્તા થી થઈ કે કેવી રીતે પ્લુટોએ સેરેસ ને મૂર્ખ બનાવી.

એપ્રિલ ફૂલ દિવસની શરૂઆત કેવી રીતે થઈ, એ વિષે બીજી એક કિંવદંતી છે - "ગોથામના સમજદાર માણસ" ની વાર્તા. 1200 ના દશકમાં, જ્હોન ઇંગ્લેન્ડના રાજા હતા. એક વસંતના દિવસે એ નોટિંગહામ જઈ રહ્યા હતા. એ ગોથામના ઘાસના મેદાનમાંથી ચાલીને જવાનું વિચારતા હતા. એ દિવસોમાં એવી પ્રથા હતી કે રાજા જે પણ મેદાનમાંથી ચાલે, એ સાર્વજનિક રસ્તો બની જતો હતો. ગોથામના લોકોની ઈચ્છા ન હતી કે એનું ઘાસનું મેદાન રસ્તો બની જાય. એટલે એમણે રાજા જ્હોનને એનાથી દૂર રાખ્યો.





રાજા એથી બહુ ક્રોધિત થયા. પછી એણે એક અધિકારીને એ તાપસ કરવા મોકલ્યો કે લોકો આટલા અસભ્ય કેમ હતા. રાજા એને સજા આપવા ચાહતા હતા. લોકોએ સાંભળ્યું કે રાજાનો અધિકારી આવે છે. એને માટે શું કરવું એ નક્કી કરવા બધા ભેગા થયા. રાજાના અધિકારીએ ગોથામ પહોંચીને આ જોયું.


થોડા લોકો તળાવમાં એક માછલીને
ડુબાવવાની કોશિશ કરી રહ્યા હતા.



થોડા લોકો એના વેગન
કોઠારની છત પર ખેંચી રહ્યા
હતા. લોકોએ કહ્યું કે એની છત
ને સૂર્યપ્રકાશ થી બચાવવા
ચાહતા હતા.



થોડા બીજા લોકો ચીઝ
ને ટેકરી નીચે ગબડાવી
રહ્યા હતા. એમનું કહેવું
હતું કે એનાથી ચીઝ
સીધું નોટિંગહામના
બજારમાં પહોંચી જશે.





રાજાના અધિકારીએ જયારે આ બધું જોયું, તો એને એ બધા લોકો મૂર્ખ લાગ્યા. એણે રાજા જ્હોનને કહ્યું કે એ એને દંડ કરવાનું માંડી વાળે. થોડા લોકોનું કહેવું છે કે આ રીતે એપ્રિલ ફૂલ દિવસ ની શરૂઆત થઈ.


બીજી એક લોકપ્રિય માન્યતા પ્રમાણે એપ્રિલ ફૂલ દિવસની શરૂઆત ફ્રાન્સમાં થઈ હતી. 1564 માં રાજા ચાર્લ્સ-11 એ નવા ગ્રેગોરિયન કેલેન્ડર નો ઉપયોગ કરવાનો ફેંસલો કર્યો. આ કેલેન્ડરમાં, વર્ષના પહેલા દિવસને 1 એપ્રિલ થી 1 જાન્યુઆરી માં બદલી નાખવામાં આવ્યો. એ દિવસોમાં ખબર ધીમે-ધીમે ફેલાતી હતી. થોડા લોકોને આ બદલાવની ખબર તરત ન પડી. અને થોડા બીજા લોકો ચાહતા ન હતા કે વર્ષનો પહેલો દિવસ બદલવામાં આવે.






એ લોકોએ નવા વર્ષ માટે
જૂની પરંપરાઓ ચાલુ રાખી.
એ મિત્રોને મળવા ગયા,
એક-બીજાને ભેટ આપી, પણ
એ ખોટા દિવસે ઉજવણી
કરી રહ્યા હતા! બીજા લોકો
એવા લોકોની મજાક
ઉડાવવા લાગ્યા જે હજી પણ
1 અપ્રિલને નવું વર્ષ માનતા
હતા. અંતે એપ્રિલ ફૂલ
દિવસ ફ્રાન્સમાં એક પ્રથા
બની ગઈ.

બીજી એક વાર્તા છે કે એપ્રિલ ફૂલ દિવસની શરૂઆત કેવી રીતે થઈ. ફ્રાન્સમાં થોડા લોકોએ જોયું કે વસંતમાં નદીઓમાં ઘણી વધારે માછલીઓ હતી. એવું એટલા માટે હતું કે બધી નાની માછલીઓ એ જ સમયે ઈંડામાંથી બહાર નીકળી હતી. એ નાની માછલીઓને પકડવાનું સરળ હતું. એને સરળતાથી હૂક નાખીને મૂરખ બનાવી શકાતી હતી. થોડા સમયમાં, જેને સરળતાથી બેવકૂફ બનાવી શકાતા હતા, એને ફ્રાન્સના લોકો "પોઈસો ડ'એવ્રિલ" કહેવા લાગ્યા. જેનો અર્થ હતો "એપ્રિલની માછલી."







એપ્રિલ ફૂલ બનાવવાની
પ્રથા ફ્રાન્સમાં બહુ લોકપ્રિય
થઈ ગઈ. થોડા સમયમાં
કોઈ પણ 1 એપ્રિલ ના
દિવસે કોઈ પણ મહત્વ નું
કામ શરુ કરવા ચાહતા ન
હતા.

લોકો મૂરખ બનવાથી ડરતા
હતા. પણ નેપોલિઅન બોનાપાર્ટે
1 એપ્રિલ ના એની બીજી પત્ની
સાથે લગ્ન કર્યા અને એટલે
નેપોલિઅન નું ઉપનામ
"પોઈસો ડ'એવ્રિલ" રાખવામાં
આવ્યું.

એપ્રિલ ફૂલ બનાવવાની
પ્રથા બ્રિટનમાં 1700 ના
દશકમાં બહુ લોકપ્રિય થઈ.
સ્કોટલેન્ડમાં એક લોકપ્રિય
અટકચાળો હતો લોકોને
મૂર્ખતાપૂર્ણ કામ પર
મોકલવાનો. કોઈ અંદેશા
વગરની વ્યક્તિને
મરઘીઓના દાંત અથવા
કબૂતરોના દૂધ શોધવા
માટે મોકલીને એને બેવકૂફ
બનાવવામાં આવતા હતા.
કારણકે મરઘીઓને દાંત
હોતા નથી અને કબૂતરો
દૂધ આપતા નથી!







સ્કોટલેન્ડમાં એક અન્ય લોકપ્રિય શરારત "ગૌક નો શિકાર" કહેવાતી હતી. ગૌક એક કોયલ જેવું પક્ષી હતું. આવો આપણે 250 વર્ષ પાછળ જઇયે અને જોઈએ કે એ શરારત કેવી રીતે કામ કરતી હતી.


1 એપ્રિલ, 1737 ની સવાર છે. મિસ્ટર એન્ડ્રુસ, વોલ્ટર યન્ગ ને એક પત્ર આપે છે અને કહે છે, "કૃપા કરીને આ પત્ર મિસ્ટર સ્કોટ ને ડંડી લેન માં એના ઘરે પહોંચાડો."

"પણ એ તો શહેર ને છેવાડે સ્થિત છે," વોલ્ટર કહે છે. "મને ખબર છે એનું ઘર બહુ દૂર છે," મિસ્ટર એન્ડ્રુઝે કહ્યું, "પણ આ એક મહત્વપૂર્ણ પત્ર છે. મારે પૈસા ઉધાર જોઈએ છે અને મિસ્ટર સ્કોટ એક બહુ પૈસાદાર માણસ છે." વોલ્ટર ડંડી લેન તરફ ચાલી નીકળ્યો. ત્યાં સુધી પહોંચવામાં, એ થાકી ગયો હતો અને એને ભૂખ લાગી હતી. પણ એણે એ મહત્વપૂર્ણ પાત્ર પહોંચાડયો.



મિસ્ટર સ્કોટે સંદેશો વાંચ્યો. "ઓહ, હું દિલગીર છું," એણે કહ્યું. "હું મિસ્ટર એન્ડ્રુસ ને પૈસા ઉધાર નહીં આપી શકું, પણ મિસ્ટર બ્લેકબર્ન જરૂર આપી શકશે. એ આજ સડક પર એક માઈલ આગળ રહે છે. કૃપા કરીને આ પત્ર એને પહોંચાડી દે." બિચારા સંદેશવાહકે ફરી ચાલવાનું શરુ કર્યું. પત્ર ની અંદર મોટા અક્ષરે લખેલું હતું, "આ એપ્રિલ ની પહેલી તારીખ છે. એક માઈલ વધારે આગળ જા અને ગૌક નો શિકાર કર."







વોલ્ટરને ડંડી લેન પર કોઈ
બીજું ઘર ન મળ્યું. અંતે, એ
એના શહેરમાં પાછો ફર્યો. ત્યાં
એણે એના સાથી
શહેરવાસીઓને

એના પાછા ફરવાની રાહ
જોતા જોયા. બધા હસી
રહ્યા હતા. એમને બહુ મજા
આવી, પણ વોલ્ટરને
એમની મજાક ગમી ન
હતી!

1857 માં લન્ડનમાં પણ ઘણા લોકો મૂર્ખ બન્યા. એ દિવસોમાં ટાવર ઓફ લન્ડનમાં એક પ્રાણીસંગ્રહાલય હતું. વર્ષમાં એક વાર સિંહ ને નવડાવવામાં આવતા હતા. બધા એ દ્રશ્ય જોવા ઉત્સુક હતા. 1 એપ્રિલ, 1857 માં, સેંકડો લોકોએ એ શો જોવા માટે ટિકિટ ખરીદી. પણ જયારે એ ટાવર ઓફ લન્ડન પહોંચ્યા, તો એમણે જાણ્યું કે એ એપ્રિલ ફૂલ બન્યા હતા. એક અટકચાળી વ્યક્તિએ એપ્રિલ ફૂલ ના દિવસે એમને બેવકૂફ બનાવવા ટિકિટ વેચી હતી.




એપ્રિલ ફૂલ બનાવવાની
પ્રથા નવી દુનિયામાં
શરૂઆતમાં વસનારા
અંગ્રેજો સાથે આવી.
બાળકો ઘણા પ્રકાર ની
મજાક અને ટીખળ કરતા
હતા. એમની મનપસંદ
મજાક હતી કોઈ ની પીઠ
પર "મને લાત મારો"
અથવા "મને ચીમટી
ખણો" લખેલી પર્ચી
લગાવવાની. પર્ચી
લગાવેલી વ્યક્તિ બહુ
વ્યાકુળ થઈ જતી, પણ
મજાક કરવાવાળા
બાળકોને જોવાની મજા
આવતી હતી.



બીજી મજાક હતી રૂ ના ટુકડા ને ઓગળેલી ચોકલેટ થી ઢાંકવાની. ઘણા લોકો આ "કોટન કેન્ડી" થી મૂરખ બની જતા હતા. થોડા લોકોને ખાંડના ડબ્બામાં મીઠું ભેળવવાનું પસંદ હતું. થોડા લોકો મીઠાના ડબ્બામાં સાકર ભેળવતા હતા.







સંયુક્ત રાજ્ય અમેરિકામાં જે મજાક લોકપ્રિય થઈ એ આ હતી. એક વ્યક્તિ પર્સમાં એક દોરો બાંધતી હતી, અને એ પર્સ ફૂટપાથ પર છોડી દેતી હતી.

એ પોતે પાતળા દોરાનો બીજો છેડો પકડી ને છુપાઈ જતી હતી. થોડીવારમાં કોઈ વ્યક્તિ પર્સ ઉઠાવવા ઝૂકતી, પણ અચાનક પર્સ છીનવાઈ જતું!

આ મજાક બહુ પોકપ્રિય થઈ. એક વરસ માટે એક પર્સ ફૂટપાથ પર પડયું રહ્યું, પણ કોઈએ ઉપાડયું નહીં. કારણકે કોઈ એપ્રિલ ફૂલ બનવા ચાહતું ન હતું. આખરે એક બહાદુર નાના છોકરાએ એને ઉઠાવ્યું. પર્સમાં 80 ડોલર હતા. કોઈએ હકીકતમાં એ પર્સ ખોઈ દીધું હતું. એ નાના છોકરાને પર્સ પાછું પહોંચાડવા માટે ઇનામ મળ્યું. આ વખતે એપ્રિલ ફૂલની મજાક ન હતી. એ બધા લોકો જેમણે પર્સ ઉઠાવ્યું નહીં એ એપ્રિલ ફૂલ બન્યા!





એપ્રિલ ફૂલ ના દિવસે,
પ્રાણીસંગ્રહાલયમાં
લોકો ને બદલે,
જાનવરો માટે વધારે
ફોન કોલ આવે છે.




ખોટા સંદેશા લાંબા સમયથી
લોકપ્રિય રહ્યા છે. એક વાર,
કેલિફોર્નિયા ના આઠ સેનેટ ના
સદસ્યોને એક સરખો સંદેશો
મળ્યો. સંદેશામાં એમને તરત
ગવર્નરના કાર્યાલયમાં મળવા
માટે જવાનું કહેવામાં આવ્યું હતું.
એ બધા એ જાણીને બહુ
અકળાયા કે ગવર્નરે કોઈ બેઠક
બોલાવી જ ન હતી.





1959 માં હવાઈમાં એક રેડીઓ ડિસ્ક જોકીએ ઘણી હલચલ મચાવી. હવાઈ થોડા સમય પહેલા જ એક નવું રાજ્ય બન્યું હતું. ડિસ્ક જોકીએ લોકોને કહ્યું કે ગયા વર્ષના એના ટેક્સ પાછા આપવામાં આવશે. કલ્પના કરો કે એનાથી લોકો કેટલા ઉત્તેજિત થઈ ગયા હશે!

એપ્રિલ ફૂલ દિવસનો ઉદ્દેશ્ય મજાક કરવાનો છે જેનાથી એપ્રિલ ફૂલ બનેલા લોકો પણ હસી શકે. એનો ઉદ્દેશ્ય ખોટી અને અણગમતી મજાક કરવાનો નથી. ઘણી સદીઓથી એપ્રિલ ફૂલ બનાવવાની મજાક ચાલી આવે છે. એ આજે પણ લોકપ્રિય છે અને લોકો આવનારા વર્ષોમાં પણ એનો આનંદ લેશે. ઘણા વર્ષો પછી લોકો કદાચ એ જ મજાકમાં પાછા ફસાશે જેમાં આજે આપણે ફસાઈ રહ્યા છીએ. અને એમાંથી ઘણા અડપલાં એવા છે જેમાં લોકો સેંકડો વર્ષો પહેલા ફસાયા હતા.





આવતી 1 એપ્રિલ ના દિવસે સાવધાન રહેજો. જો તમને તમારા કોર્નફ્લેક્સ માં સાકર ને બદલે મીઠું પધરાવેલું મળે તો આશ્ચર્ય નહીં પામતા. જો લોકો તમને ચીમટી ખણવા લાગે, તો તમારી પાછળ એવી પર્ચી નથી એની તપાસ કરો. જો તમને ફૂટપાથ પર એક પર્સ પડેલું મળે, તો શું તમે એને ઉઠાવવાની હિમ્મત કરશો?



જો તમે એપ્રિલ ફૂલ બની પણ જાઓ તો
તમે નારાજ નહીં થતા!